એમ.ફીલ તથા પી.એચ.ડી ના અભ્યાસક્રમમાં અનુસૂચિત જાતિના વિધાર્થીઓને મહાનિબંધ માટે શિષ્યવૃત્તિ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજક-૧૩૦૭-૨૧૬૬-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 28 MAR 2008

વંચાણે લીધા : - (૧) ભૂતપૂર્વ મજૂર સમાજ કલ્યાણ વિભાગનો તા. ૫-૧૨-૧૯૯૭ નો ઠરાવ ક્રમાંકઃ પી.એમ.એસ -૧૫૯૬-ન.બા.૫ -ગ

ઠરાવ : -

એમ.ફીલ તથા પી.એચ.ડી ના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિધાર્થીઓને મહાનિબંધ લખવા તથા ટાઇપ કરાવવા માટે અનુક્રમે માસિક રૂા. ૨૦૦૦/- અને રૂા. ૨૫૦૦/- દસ માસ માટે સહાય આપવાની યોજના આમુખમાં દર્શાવેલ તા. ૫-૧૨-૧૯૯૭ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવી છે. પ્રવર્તમાન ભાવવધારો લક્ષમાં લઇને સહાયની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે એમ.ફીલ ના વિધાર્થીઓને હાલ મળતી સહાય માસિક રૂા. ૨૦૦૦/- માં વધારો કરીને માસિક રૂા.૨૫૦૦/- ( રૂપિયા બે હજાર પાંચસો ) દસ માસ માટે અને પી.એચ.ડી ના વિધાર્થીઓને હાલ મળતી સહાય માસિક રૂા. ૨૫૦૦/- માં વધારો કરીને માસિક રૂા. ૩૦૦૦/- ( રૂપિયા ત્રણ હજાર ) દસ માસ માટે આપવાનું આથી ઠરાવવામાં આવે છે અને આ હેતુ માટે વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂા. ૭.૫૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનું રહેશે.
(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૩) આ યોજનાના ઠરાવની મુળ શરતો જોગવાઇઓ યથાવત રહેશે અને આ અંગે વધારાનો કોઇ ખર્ચ મળવાપાત્ર થશે નહીં.
(૪) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧-૪-૨૦૦૮ થી કરવાનુ રહેશે.
(૫) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવેલ હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનું રહેશે.

( પાછળ)

જાયન્ટ નાયબ અનુસૂચિત જાતિ કલ્યાણ
ગ. રા. ગાંધીનગર
4 APR 2008

૨. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર-''૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા સદર-(૨૭) બીસીકે -૧૧ પી.એચ.ડી અને એમ.ફીલની મહારાજા સયાજીરાવ ગાયકવાડ શિષ્યવૃત્તિ યોજના અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને નાણાંકીય સહાય '' હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનુ રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫-૩-૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એચ. ગરાસિયા )
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- રાજયની તમામ યુનિવર્સિટી રજીસ્ટ્રારશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાના :-

× નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી( સા.ન્યા.અને અધિ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી( સા.શૈ.પ.વ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી, ( સા.ન્યા.અને અધિ ) સચિવાલય, ગાંધીનગર
- વિભાગની અ અને અ.૧ શાખા
- સિલેકટ ફાઇલ.

..............................................................................................

× પત્ર દ્વારા

જી.એચ.ટી : ભરત : પેજ : ૧૭૨ તા. ૨૬-૩ -૨૦૦૮